Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૮૬૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૨૨/૦૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત

વિષયઃ- "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમનું પ્રસારણ શાળાઓમાં નિહાળવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, માનનીય પ્રધાનમંત્રીશ્રી "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમ અંતર્ગત તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ જીવંત પ્રસારણ દૂરદર્શન દ્વારા DD National,DD News,અને DD India ચેનલો પર પ્રસારીત કરવામાં આવશે. આ કાર્યક્રમનું જીવંન પ્રસારત (આકાશવાણી) (All India Radio MyGov.in) રેડિયો ચેનલ પર પણ કરવામાં આવશે. આ સાથે સામેલ પરિપત્ર અન્વયે તમામ શાળાઓએ વિદ્યાર્થીઓ કાર્યક્રમ નિહાળે તે અંગે સુયોગ્ય આયોજન કરવાનું રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૫૧૭-૫૫૧
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૨૦/૦૧/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય : "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમનું પ્રસારણ શાળાઓમાં નિહાળવા બાબત.

સંદર્ભ : શિક્ષા મંત્રાલય,ભારત સરકારનો પત્રક્રમાંક D.O.No.૬-૧૦/2023-PMP-૫-Part(4), તા.૧૯/૦૧/૨૦૨૪નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માનનીય પ્રધાનમંત્રીશ્રી "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમ અંતર્ગત તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજ ભારત મંડપમ, પ્રગતિ મેદાન, નવી દિલ્હીથી વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા વાલીઓ સાથે સંવાદ કરશે. માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમનું જીવંત પ્રસારણ દૂરદર્શન દ્વારા DD National, DD News, અને DD India ચેનલો પર પ્રસારીત કરવામાં આવશે. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ (આકાશવાણી) રેડિયો ચેનલ પર (All India Radio Medium Wave, All India Radio FM channel) તથા PMO ની વેબસાઇટ પર, MoE, Door Darshan, MyGov.in ની વેબસાઇટ પર , MoE ની You Tube channel પર, Facebook Live અને MoE ની Swayamprabha/ Diksha channel પર લાઇવ વેબ સ્ટ્રીમીંગ(જીવંત પ્રસારણ) કરવામાં આવશે.

આપશ્રી એ આપના જિલ્લાની તમામ શાળાઓના ધોરણ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમનું જીવંત પ્રસારણ જોવે/સાંભળે તે મુજબની જરૂરી વ્યવસ્થા તમામ શાળાઓમાં સુનિશ્ચિત કરવાની રહેશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બાળકો કાર્યક્રમ નિહાળતા હોય તેવા ફોટોગ્રાફ્સ MyGov portal પર અપલોડ કરવાના રહેશે.

આપના જિલ્લાની દરેક શાળામાં TV તથા વીજળી ઉપલબ્ધ હશે જ, પરંતુ જો કોઈ શાળામાં આ વ્યવસ્થા ન હોય તો આ અંગે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરીને પણ તમામ શાળાઓના ધો-૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમ નિહાળવાનો લાભ મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

TV પ્રસારણ સિવાય ઈન્ટરનેટના માધ્યમથી કોમ્પ્યુટર, લેપટોપ, કે મોબાઈલ પર તેમજ EDUSAT દ્વારા પણ કાર્યક્રમનો લાભ લઈ શકાય તેવી વ્યવસ્થા ગોઠવી શકાશે. અતિ દુર્ગમ વિસ્તાર જ્યાં TV પ્રસારણ જોવાની આવી કોઇ વ્યવસ્થા ઊભી થઈ શકે તેમ ના હોય તેવા વિસ્તારમાં રેડિયો/ટ્રાન્ઝીસ્ટર દ્વારા વિદ્યાર્થીઓ માનનીય પ્રધાનમંત્રીશ્રીના "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમને સાંભળી શકે તે મુજબની વ્યવસ્થા ઊભી કરવાની રહેશે.ભારત સરકારના સંદર્ભ દર્શિત પત્રમાં જણાવ્યા મુજબ કોઇ સરકારી શાળા કે ગ્રાન્ટેડ શાળાઓમાં ટીવીની વ્યવસ્થા કે અન્ય વ્યવસ્થા ભાડેથી લેવાની જરૂરિયાત ઊભી થાય તો આ અંગેના ભંડોળ માટે સમગ્ર શિક્ષાની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. આપના જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તેમજ શાસનાધિકારીશ્રી સાથે "પરીક્ષા પે ચર્ચા-૨૦૨૪" કાર્યક્રમ બાબતે સંકલન કરીને આપના જિલ્લાની તમામ શાળાઓના ધો-૬ થી ૧૨ના વિદ્યાર્થીઓ આ કાર્યક્રમ નિહાળે તે માટે જરૂરી વ્યવસ્થા કરશો.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

બિડાણ : સંદર્ભદર્શિત પત્ર

નકલ સવિનય રવાના :-
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી તરફ જાણ સારું તથા આપના તાબાના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ અને શાસનાધિકારીશ્રીઓને ઉક્ત બાબતે જરૂરી કાર્યવાહી માટે યોગ્ય સૂચના આપવા માટે વિનંતી.
- સચિવશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા માટે વિનંતી.